# BSFની છ દાયકાની સફરનું વિહંગાવલોકન



બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

1971નું ભારત-પાક. યુદ્ધ બંને દેશો માટે સત્તાવાર રીતે ભલે ડિસેમ્બર 1971માં શરૂ થયું હોય પણ બિનસત્તાવાર રીતે તો ખાસ કરીને તત્કાલીન અખંડ પાકિસ્તાન માટે માર્ચ, 1971માં જ શરૂ થઈ ગયું હતું. માર્ચ,1971ના અંતિમ સપ્તાહમાં એટલે કે 25 અને 26 માર્ચના રોજ બે બનાવો એવા બન્યા કે હવે ભારત-પાકિસ્તાનનું યુદ્ધ લગભગ અનિવાર્ય બન્યું. 25 માર્ચના રોજ ઢાકા યુનિવર્સિટીનો નૃશંસ હત્યાકાંડ સર્જાયો, જેમાં સ્વતંત્ર બાંગ્લાદેશના સર્જનના સમર્થક એવા કેટલાય વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોની તેમજ તે સમયે ત્યાં ઉપસ્થિત અન્ય બૌદ્ધિકોની હત્યા કરવામાં આવી હતી. પાકિસ્તાનના લશ્કરે જ આ સમગ્ર ઘટનાક્રમને અંજામ આપ્યો હતો. બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામના ઈતિહાસમાં આ એક મહત્ત્વનો ટર્નિંગ પોઈન્ટ છે કારણ કે 25મી માર્ચ, 1971ના ઢાકા યુનિવર્સિટીના આ ઘટનાક્રમથી આહત્ થઈને તત્કાલીન પાકિસ્તાનના લશ્કરી શાસકોના અમાનુષી જુલમથી ત્રાહિમામ્ પોકારી ગયેલા પ્રજાજનોએ એમના અલગ સ્વતંત્ર રાષ્ટ્રની રચના માટે 26 માર્ચ, 1971થી ગુપ્ત સશસ્ત્ર સંગ્રામની શરૂઆત કરી હતી અને આ સંગ્રામ માટે જે ગુપ્ત સેના બની હતી તેનું નામ હતું મુક્તિ વાહિની.

26 માર્ચ, 1971માં ત્રિપુરા ખાતે મુક્તિ વાહિનીના પહેલા જૂથની રચના કરવામાં ભારતીય બોર્ડર સિક્યોરિટી ફોર્સના ઓફિસર મેજર પરિમલ કુમાર ઘોષની ચાવીરૂપ ભૂમિકા રહી હતી. મુક્તિવાહિનીના આ પ્રથમ જૂથના સભ્યોને પદ્ધતિસરની ગેરિલા યુદ્ધની લશ્કરી તાલીમ પણ મેજર ઘોષે જ આપી હતી. આ ઉપરાંત આ પછીના તબક્કે બાંગ્લાદેશની રચનામાં મહત્ત્વનો માળખાકીય અને રાજદ્વારી ટેકો પણ BSFએ પૂરો પાડ્યો હતો, જેના અંતર્ગત સ્વતંત્ર બાંગ્લાદેશની વચગાળાની સરકારને કલકત્તા(આજનું કોલકાતા) ખાતેના BSFના હેડક્વાર્ટર ખાતે કામ કરવાની કામચલાઉ સગવડ કરવાથી માંડીને તત્કાલીન બાંગ્લાદેશી

નેતાગીરીનો પ્રાથમિક પરિચય તત્કાલીન ભારતીય રાજકીય અને લશ્કરી નેતાગીરી સાથે કરાવવા સુધીની બાબતોનો સમાવેશ થાય છે. ભારતીય લશ્કરના સ્તરે જોઈએ તો જાસૂસી ભૂમિકામાં તેમજ પાકિસ્તાની લશ્કરની આગેકૂચ ખોરંભે ચડાવવામાં તેમજ મુક્તિ વાહિની અને ભારતીય લશ્કર વચ્ચેનું સંકલન કરાવવામાં અને પછી એ જાળવવામાં પણ BSFની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી હતી. એ પછી ઓપરેશન વિજયમાં પણ BSFની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી હતી અને લેટેસ્ટ કિસ્સાની વાત કરીએ તો ઓપરેશન સિંદૂર દરમ્યાન પણ BSFની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી હતી. BSFની આ મહત્ત્વપૂર્ણ ભૂમિકાના કારણે જ તેને ભારતની ફર્સ્ટ લાઈન ઓફ ડિફેન્સ કહેવાય છે. આજે ભારતની આ ફર્સ્ટ લાઈન ઓફ ડિફેન્સ તેની સ્થાપનાના 60 વર્ષ પૂરા કરશે ત્યારે સૌપ્રથમ તો તેની સ્થાપના કયા સંજોગોમાં થઈ હતી તે ટૂંકમાં જોઈએ. એક 'અનિર્ણિત યુદ્ધ' તરીકે પંકાયેલા 1965ના ભારત-પાક. યુદ્ધના આરંભમાં નિમિત્ત બનનાર પાકિસ્તાનના કચ્છ સરહદ પરના છમકલાનો સામનો તે સમયે કચ્છ સરહદ પર બનેલી એકમાત્ર પોલીસચોકીમાં તૈનાત પોલીસના જવાનોએ કર્યો હતો. હા, 1965 સુધી આપણાં સરહદી રાજ્યોનાં સરહદી વિસ્તારોની સુરક્ષા પણ જે-તે રાજ્યની પોલીસના કાર્યક્ષેત્રનો હિસ્સો હતી. ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ટાળવા માટે 1 ડિસેમ્બર, 1965ના રોજ BSFની સ્થાપના કરવામાં આવી હતી અને K.F. રૂસ્તમજી BSFના પહેલા વડા બન્યા હતા. BSFમાં ડાયરેક્ટર જનરલનું પદ સર્વોચ્ચ હોય છે. દલજિતસિંહ ચૌધરી BSFના વર્તમાન ડાયરેક્ટર જનરલ છે.

આ વાત કરીએ છીએ ત્યારે એ પણ ઉલ્લેખનીય છે કે 1999ના કારગિલ યુદ્ધ વખતે પણ BSFની ભૂમિકા ચાવીરૂપ બની રહી હતી. વાત એમ બની હતી કે 1998-99ના શિયાળા દરમ્યાન જ્યારે ભારતીય લશ્કરે કારગિલ સહિત લેહ લદ્દાખમાંની પોતાની પોસ્ટ્સ ખાલી કરી દીધી ત્યારે પણ BSFની 8મી બટાલિયન અને 155મી બટાલિયન- એમ બે બટાલિયનોએ લશ્કરી પોસ્ટ્સની નજીકમાં જ આવેલી પોતાની પોસ્ટ્સ ખાલી કરી નહોતી. ભારતની તત્કાલીન કેન્દ્ર સરકાર અને લશ્કરને આ ઘૂસણખોરીની પ્રાથમિક માહિતી મળી એ પછી પ્રાથમિક તબક્કે આ ઘૂસણખોરોને આગળ વધતા રોકવામાં તેમજ તેમની હિલચાલ અંગેની જાસૂસી માહિતી મેળવવાની કવાયત દરમ્યાન BSFની ભૂમિકા બેજોડ પુરવાર થઈ હતી. ખાસ કરીને આ શરૂઆતના તબક્કે સરહદપારની ઘૂસણખોરીમાં એક મજબૂત અવરોધ ઊભો કરવા માટે BSFની આર્ટિલરી વિંગ અસરકારક સાબિત થઈ હતી. અત્યાર સુધી કારગિલ યુદ્ધના વિવિધ પાસાંની નિયમિત સમયાંતરે ઘણી ચર્ચા થતી રહી છે પણ BSFની આ ચાવીરૂપ ભૂમિકા મહદંશે ઓછી જાણીતી રહી છે. અહીં એ જ ભૂમિકાને વધુ પ્રકાશમાં લાવવાનો પ્રયાસ કર્યો છે.



K.F. રૂસ્તમ





પરિમલ ઘોસ

## ઓપરેશન ડેઝર્ટ હોકઃ BSFની સ્થાપનામાં નિમિત્ત બનેલું પાકિસ્તાની દુઃસાહસ

1965ના ભારત-પાક. યુદ્ધ અગાઉ ભારતની તત્કાલીન લશ્કરી તાકાતનો ક્યાસ કાઢવા માટે પાકિસ્તાને અમેરિકાએ આપેલી પેટન ટેન્કો સાથે ગુજરાતના કચ્છમાં આવેલી સરદાર પોસ્ટ પર જે હુમલો કર્યો તેનું નામ ઓપરેશન ડેઝર્ટ હોક. પાકિસ્તાને આ હુમલો કર્યો ત્યારે એ પોસ્ટ પર ગુજરાતની પોલીસના જવાનો તૈનાત હતા. તેમણે આ આક્રમણ સામે ઝીક તો ઝીલી હતી પણ આ બાબત તે સમયે ભારતમાં જ ઘણી ગંભીર ચર્ચાનો વિષય બની હતી. આજે પણ જાણીતા એવા આ ઘટનાક્રમનું પુનરાવર્તન ટાળીએ તો કહેવાય કે આ પાકિસ્તાની દુઃસાહસ જ BSFની સ્થાપનામાં નિમિત્ત બન્યું હતું.

**'જીવનપર્યંત કર્તવ્ય'નો મુદ્રાલેખ અને 2,90,000 એક્ટિવ પર્સોનેલનું સંખ્યાબળ અને દિલ્હી ખાતે હેડક્વાર્ટર ધરાવતું આ ભારતીય સીમા સુરક્ષા દળ અત્યારે વિશ્વનું સૌથી મોટું સીમા સુરક્ષા દળ છે. BSFના હેડક્વાર્ટર્સને સત્તાવાર રીતે ફોર્સ હેડક્વાર્ટર્સ કહે છે**

દેશની સુરક્ષા માટે BSFનું મહત્ત્વ સાબિત કરતા ઉપરોક્ત ત્રણેય કિસ્સાઓ સાથે એક સુરક્ષાદળ તરીકે પણ BSFનો ટૂંકો પરિચય મેળવીએ. 'જીવનપર્યંત કર્તવ્ય'નો મુદ્રાલેખ અને 2,90,000 એક્ટિવ પર્સોનેલનું સંખ્યાબળ અને દિલ્હી ખાતે હેડક્વાર્ટર ધરાવતું આ ભારતીય સીમા સુરક્ષા દળ અત્યારે વિશ્વનું સૌથી મોટું સીમા સુરક્ષા દળ છે. BSFના હેડક્વાર્ટર્સને સત્તાવાર રીતે ફોર્સ હેડક્વાર્ટર્સ કહે છે.

BSFના સત્તાવાર કાર્યક્ષેત્રની વાત કરીએ તો તેને બે ભાગમાં વહેંચી શકાયઃ એક, શાંતિકાળમાં BSFના કાર્યક્ષેત્રમાં આવતી બાબતો જુદી હોય અને યુદ્ધકાળમાં BSFના કાર્યક્ષેત્રમાં આવતી બાબતો જુદી હોય. આ અંગે વધુ વાત કરીએ તે પહેલાં એ પણ નોંધી લઈએ કે સરહદનો ચોકીપહેરો(પેટ્રોલિંગ) અને સુરક્ષા એ તો BSFની મુખ્ય જવાબદારી છે જ. એ સિવાયની જે બાબતો BSFના કાર્યક્ષેત્રમાં આવે છે તેની અહીં વાત કરી છે. આ રીતે જોઈએ તો શાંતિકાળ દરમ્યાન BSFના કાર્યક્ષેત્રમાં સરહદપારના ગુના અને સરહદપારની ગેરકાયદે અવરજવર અટકાવવી, સરહદપારથી થતી દાણચોરીની તેમજ એવી અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવી, સરહદપારથી થતી ઘૂસણખોરી રોકવી, સરહદપારથી જાસૂસી માહિતી એકઠી કરતા રહેવું અને તે માહિતી લશ્કર સુધી પહોંચાડતા રહેવું તેમજ સરહદી વિસ્તારોમાં રહેતા નાગરિકોને સુરક્ષા પૂરી પાડીને, તેમનામાં ભરોસો ઊભો કરીને, જરૂર પડ્યે તેમની સાથે ઘરોબો કેળવીને તેમને સતત સુરક્ષિત હોવાનો અહેસાસ કરાવવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે. એ જ રીતે યુદ્ધકાળ દરમ્યાન BSFના કાર્યક્ષેત્રમાં BSFને જે યુદ્ધ મોરચે જે પોસ્ટની સુરક્ષાની જવાબદારી સોંપાઈ હોય તે યુદ્ધ મોરચો અને તે પોસ્ટ ગમે તે સંજોગોમાં ન છોડવા અને કોઈ પણ ભોગે તેની સુરક્ષા કરીને પોતાને સોંપાયેલા યુદ્ધ મોરચે ભારતનું વર્ચસ્વ જાળવી રાખવું, દુશ્મનના ઈરરેગ્યુલર ફોર્સ સામે સંયમિત રીતે અને મર્યાદિત પ્રમાણમાં લશ્કરી કાર્યવાહી કરવી, ભારતીય લશ્કરના નિયંત્રણ હેઠળ આવી ચૂકે દુશ્મન દેશના પ્રદેશોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા, સરહદી વિસ્તારોમાં લશ્કરના માર્ગદર્શક તેમજ ભોમિયા તરીકેની ભૂમિકા ભજવવી, યુદ્ધ દરમ્યાન ઊભી થતી નિરાશ્રિતોના પુનર્વસનની સમસ્યા હલ કરવામાં તેમજ નિરાશ્રિતોનો ધસારો અને સંખ્યા નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ થવું, એસ્કોર્ટ્સની વ્યવસ્થા કરવી, સરહદપાર જાસૂસી કરવી અને છાપામાર રેઈડ કરવી તેમજ જરૂર પડ્યે યુદ્ધ મોરચે લશ્કરને તત્કાળ રિઈન્ફોર્સમેન્ટ પૂરું પાડવું વગેરે બાબતોનો સમાવેશ થાય છે.





# 'વોર 2' ધૂમ ના મચાવી શકી એટલે 'ધૂમ 4' પર ખતરો ઊભો થયો છે?

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

ફિલ્મ 'વોર 2'ને કારણે યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સ પર જોખમ ઊભું થયું છે. ફિલ્મે બોક્સ ઓફિસ પર નિરાશ કર્યા હોવાથી અનેક ફિલ્મોના સમીકરણ બદલાઈ ગયાં છે. એમની આલિયા ભટ્ટ સાથેની 'આલ્ફા' જો ના ચાલી તો સ્પાય યુનિવર્સની છેલ્લી ફિલ્મ બની રહેશે કેમ કે એ પછીની ફિલ્મની કોઈ જાહેરાત થઈ નથી. તેઓ વાર્તા પસંદ કરવામાં થાપ ખાઈ રહ્યા છે. 'વોર 2'ની સૌથી ખરાબ વાત વાર્તા સાવ ચવાયેલી અને ટીપીકલ હતી. એમાં અનિલ કપૂરને બદલે ટાઈગર સલમાન કે પઠાન શાહરૂખનો કેમિયો બાજી બદલી શકે એમ હતો. કમસેકમ 'વોર'ના ટાઈગર સાથેની કોઈ બેકસ્ટોરી પણ આપવાની હતી અથવા ટાઈગરનો કેમિયો રાખવાનો હતો. 'સ્પાય યુનિવર્સ'માં સૌથી મોટી ખામી એ છે કે ખતરનાક વિલનની કમી છે. 'ધૂમ 4'માં તો હીરો અને વિલન બંને એક જ હોય શકે છે. જો કે એ હવે બંધ થઈ રહી હોવાની વાત આવી છે. એ જ રીતે 'પઠાન 2'ની અત્યારે કોઈ ચર્ચા નથી. કેમકે શાહરૂખ નિર્દેશક સિદ્ધાર્થ આનંદ સાથે 'કિંગ' કરી રહ્યો છે. 'પઠાન વર્સેસ ટાઈગર'નું તો બાળમરણ જ થઈ ગયું હતું. 'ધૂમ 4'માં રણબીર સાથે દક્ષિણના કોઈ મોટા સ્ટારની વાત ચાલી રહી છે. પરંતુ ખબર છે કે 'વોર 2'ની સ્થિતિ જોઈને પ્રભાસે નન્નો ભણી દીધો છે.

અયાનના હાથમાંથી રણબીર સાથેની 'ધૂમ 4'નું નિર્દેશન જઈ શકે છે પણ અયાન સાથે રણબીર હંમેશા બહુ સફળ રહ્યો છે. વેક અપ સીડ, યે જવાની હૈ દીવાની અને 'બ્રહ્માસ્ત્ર' એના ઉદાહરણ છે. અયાન 'વોર 2'ની ભૂલોમાંથી શીખીને હજુ વધુ સારી ફિલ્મ બનાવી શકે છે. અસલમાં અયાન રણબીરની સાથે 'બ્રહ્માસ્ત્ર 2' બનાવવાનો હતો પણ સ્પાય યુનિવર્સના લોભમાં 'વોર 2'ની કમાન પકડી એમાં ફસાઈ ગયો છે. હવે 'બ્રહ્માસ્ત્ર 2' જેવી મોટા બજેટની ફિલ્મ માટે કોઈ નિર્માતા તૈયાર થાય એવી શક્યતા નથી. કરણ જોહરે 'બ્રહ્માસ્ત્ર'માં મદદ કરી હતી. હવે બીજા ભાગ માટે ના પાડી દીધી છે. 'વોર 2'નો પ્રચાર રિતિક અને જુનિયર NTRના નામ પર જ કરવામાં આવ્યો હતો. થયું એવું કે બંને વચ્ચે એક્શન સીન્સ શરૂઆતમાં ઉત્સાહ વધારે છે. પરંતુ સમય સાથે ધીમે ધીમે એમને જોઈને થાકી જવાય છે અને એવી રાહ જોવાય છે કે બંનેની લડાઈ હવે ક્યારે પૂરી થશે.

બંનેની લડાઈની વચ્ચે દર્શકો ભૂલી જાય છે કે ફિલ્મમાં કિયારા અડવાણી અને અનિલ કપૂર છે. બંને કલાકારોના પાત્રો મજબૂત છે પરંતુ તેમનો ઉપયોગ બહુ ઓછો કરવામાં આવ્યો છે. 'વોર 2'ની નિષ્ફળતાનું ઠીકરું નિર્દેશક અયાન મુખર્જી પર ફોડવામાં આવ્યું છે.

વાતમાં દમ એટલે છે કે વાર્તા નબળી પસંદ કરી અને એક્શન દૃશ્યો એટલા દમદાર આપી શક્યા નહીં. એમ કહેવાય છે કે યશરાજ ફિલ્મ્સને 'સૈયારા'થી જે નફો થયો હતો એ 'વોર 2'માં ડૂબી ગયો છે. નવાઈની વાત એ છે કે આ વર્ષે

**'સ્પાય યુનિવર્સ'માં સૌથી મોટી ખામી એ છે કે ખતરનાક વિલનની કમી છે. 'ધૂમ 4'માં તો હીરો અને વિલન બંને એક જ હોય શકે છે. જો કે એ હવે બંધ થઈ રહી હોવાની વાત આવી છે. એ જ રીતે 'પઠાન 2'ની અત્યારે કોઈ ચર્ચા નથી કેમ કે શાહરૂખ નિર્દેશક સિદ્ધાર્થ આનંદ સાથે 'કિંગ' કરી રહ્યો છે**

વિદેશોમાં સૌથી વધુ રૂ.162 કરોડની કમાણી કરનારી 'સૈયારા'ને રજનીકાંતની 'કુલી'એ રૂ.169 કરોડની કમાણી સાથે પાછળ રાખી દીધી છે. જ્યારે 'વોર 2' સાથે 'કુલી'ની ટક્કરની વાત થતી હતી ત્યારે એના પર લોકો હસતાં હતા. પરિણામ ઊંધું આવ્યું છે. 'કુલી'એ ભારત સાથે વિશ્વભરમાં ડંકો વગાડી દીધો છે અને 'વોર 2' કરતાં રૂ.125 કરોડ વધુ કમાણી કરીને કુલ આંકડો રૂ.450 કરોડ પર પહોંચાડી દીધો છે. તેનું કારણ એ છે કે રજનીકાંતના ચાહકો ફિલ્મના રિવ્યૂ જોઈને થિયેટરમાં જતાં નથી.

સાથે બીજા એવા લોકો પણ છે જે માત્ર મનોરંજન મેળવવા થિયેટરમા જતાં હોય છે. બસ એમને પોતાના માનીતા સુપરસ્ટાર્સને મોટા પડદા પર જોવા હોય છે. 'કુલી'નો પહેલો શો સવારે 6 વાગે હતો અને એ હાઉસફુલ હતો. વાર્તા જટિલ હોવા છતાં રજનીકાંતને કારણે દર્શકોએ એનો આનંદ ઉઠાવ્યો હતો. 'કુલી' અને 'વોર 2' બંને માસ ફિલ્મો અને સ્ટાર પાવરવાળી હોવા છતાં દર્શકોના દિલમાં ઘર કરી શકી નથી એ હકીકત છે. તેથી 'વર્ડ ઓફ માઉથ' બન્યું નહીં.

દર્શકો પર બંને ફિલ્મો એવી અસર ના મૂકી શકી કે એમણે બીજાને કહ્યું નહીં કે તમે પણ જોવા જાવ. સૌથી મોટી અને પહેલી ભૂલ જો કોઈ હોય તો બંને વચ્ચેની ટક્કર છે. એ કારણે દર્શકો વહેંચાઈ ગયા હતા. 14 ઓગસ્ટે જે પણ ફિલ્મ એકલી રજૂ થઈ હોત તે બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડી શકવાની ક્ષમતા રાખતી હતી. બીજું કે દર્શકો એટલે વધારે નિરાશ થયા કેમ કે, નિર્દેશક લોકેશ કનગરાજે LCU સાથે વાર્તાનું જોડાણ કર્યું ન હતું અને અયાને 'સ્પાય યુનિવર્સ'માં નવું કશું આપ્યું નહીં. છેલ્લે 'આલ્ફા' સાથે જોડીને બોબીને બતાવ્યો એમાં કોઈ જોડાણ હોવાનું પણ લાગ્યું નહીં.

### ઓટોગ્રાફ!

નિર્દેશક વિપુલ શાહ કહે છે કે લોકો અક્ષયકુમારને ગંભીરતાથી લેતા નથી. (વિપુલ, અક્ષયકુમાર કોમેડી ફિલ્મો કરે છે એટલે નહીં પણ તેની ઘણી ફિલ્મો રજૂ થયા કરે છે એ કારણે ગંભીરતાથી લેતા નથી!)

# માણસ મહાજાદુગર..!



જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

એક વાત નિર્વિવાદ છે. પ્રેમ બે દિલો વચ્ચેની ખાનગી ઘટના છે અને લગ્ન એ ઢોલ-નગારા સાથે ઉજવાતો જાહેર બનાવ છે. પહેલા પ્રેમનો જન્મ થયેલો. ત્યાર બાદ લગ્નનો પ્રવેશ થયો. લગ્ન થાય ત્યારે પ્રારંભમાં પ્રેમની માત્રા નહીંવત હોય છે. (જો કે લગ્ન થયા પછી ય બે પાત્રો એકમેકને પ્રેમ કરશે જ એની કોઈ ગૅરન્ટી હોતી નથી.) એથી જ કહેવાય છે કે વરઘોડો એટલે પ્રેમની સ્મશાનયાત્રા...! પણ પ્રેમિકા જોડે જ લગ્ન થઈ રહ્યા હોય એ માણસના વરઘોડાને શું કહીશું? (કદાચ પ્રેમની શોભાયાત્રા..!)

વિજ્ઞાનમેળાની ઉપયોગિતા જાણ્યા પછી સમજાય છે કે એક વિજ્ઞાનમેળાની તોલે કરોડ કુંભમેળા ન આવી શકે અને એક સાયન્ટીસ્ટની તોલે લાખ ધર્મગુરુઓ પણ ન આવી શકે. પૃથ્વીલોકના કુરુક્ષેત્રમાં મનુષ્ય નામનો અર્જુન સુખ માટે યુદ્ધ લડી રહ્યો છે. વિજ્ઞાન અને ટૅક્નોલોજી એ રથનાં બે પૈંડાં છે અને બુદ્ધિ કૃષ્ણ બનીને રથ હાંકી રહી છે. આપણે માત્ર એ ધ્યાન રાખવાનું છે કે આપણી અંદર રહેલા દુર્યોધન કે દુશાસન સખણા રહે. આટલું કરશો તો તમારી જીત સો ટકા પાક્કી...!

આપણે આ દુનિયાને 'વર્લ્ડ ઓફ સ્વીચ'નું બિરુદ આપતા હતા પરંતુ હવે સ્વીચનો છેદ ઊડી 'ઓટોમેશન'નો મહિમા વધી ગયો છે. તાળી પાડવાથી લાઈટ ચાલુ થાય, મ્યુઝિક ચાલુ થાય, રમકડું કાર્યરત બને, દરવાજા ખૂલી જાય... એવું ઘણું શોધાઈ ચૂક્યું છે. એથી ય આગળ વધીને હવે તાળી પાડવાની મહેનત પણ માણસ કરવા માંગતો નથી. એ જવાબદારી એણે સૂરજ નામના કર્મચારીને સોંપી છે. (સૂરજને થતું હશે- માણસ આંગળી આપતાં પહોંચું પકડી બેઠો છે) માણસ સૂર્યશક્તિનો વિપુલ માત્રામાં ઉપયોગ કરવા લાગ્યો છે. આજ સુધી એનામાં સૂર્યમંત્ર બોલી જાણવા જેટલી જ ત્રેવડ હતી. પણ મોડેમોડે વિજ્ઞાનની મદદથી તે યંત્રવિદ્યામાં પણ એનો ઉપયોગ કરવા લાગ્યો છે. હવે સૂર્યકુકર વડે તે ખીચડી રાંધી શકે છે. ભારતમાં હજી ક્યાંય શરૂ ન થઈ હોય એવી સોલાર ચીમની સુરતના યુવાનોએ બનાવી છે. એ સોલાર ચીમની દ્વારા સૂર્યપ્રકાશમાંથી વીજળી પેદા થઈ શકે છે. હવે એક વાત ધ્યાનથી સાંભળો. નરેન્દ્ર મોદી સાથે આપણી ઓળખાણ હોય તો આપણે ઈચ્છીએ તે કરી શકીએ. વીજળી નરેન્દ્ર મોદી જેવી તાકાત ધરાવે છે. વીજળી માણસની મિત્ર બની ગઈ હોવાથી માણસના હાથમાં અલ્લાદીનનો જાદુઈ ચિરાગ આવ્યો છે. બસ, હવે જોવાનું એ છે કે એ ચિરાગથી માણસ દુનિયામાં અજવાળું કરે છે કે અંધારું?

જો કે એ વાત સાચી કે વીજળી જીવન જરૂરિયાતની ચીજવસ્તુ બની ગઈ છે પણ એને માટે હંમેશાં G.E.B પર આધાર રાખવો એટલે શ્વાસ માટે જોઈતી હવા મેળવવા માટે કન્ટ્રોલની લાઈનમાં ઊભા રહેવા જેવી બાબત ગણાય. ટીવી, પંખા, લાઈટ હવે ઝૂંપડપટ્ટીમાં પણ અનિવાર્ય બન્યાં છે. વીજળી ડૂલ થઈ જાય ત્યારે એક પળ માટે દુનિયાના ચક્કા જામ થઈ જાય છે. આખું શહેર પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું હોય અને એકાએક પાવર જાય ત્યારે હાલતીચાલતી જિંદગીને જાણે કોઈએ 'સ્ટેચ્યુ' કહ્યું હોય તેવી થઈ જાય છે. જો કે માણસે વીજળીના રિસામણા સામે જનરેટર શોધ્યું છે. એથી જનરેટરની સ્વીચ દબાવતાં જ થંભી ગયેલી જિંદગીને જાણે 'ઓવર'નો ઓર્ડર મળ્યો હોય તેમ તે પુનઃ દોડતી થઈ જાય છે.

સૂરજની સેવાને માણસે આવશ્યક સેવા તરીકે જાહેર કરી હોવાથી સૂરજે રાતપાળીમાં પણ કામ કરવું પડે છે. અર્થાત્ બપોરે બાર વાગ્યે તપતા સૂરજનાં કિરણોમાંથી બનેલી વીજળીનો ઉપયોગ રાત્રે બાર વાગ્યે પણ કરી શકાય છે. માણસ કેરીગાળામાં રસના બાટલા ભરી લે છે, ત્યાર બાદ વર્ષના ગમે તે મહિનામાં કેરીગાળાની મજા માણી શકે છે, તે રીતે સૂર્યકિરણોને માણસ સોલાર ટ્યૂબલાઈટમાં સંઘરી લે છે પછી રાત્રે પણ તેનો ઉપયોગ કરી શકે છે. માણસે સૂરજને H.M.T બલ્બમાં કેદ કરી દીધો છે અને ઈશ્વરને મંદિરમાં ગોંધી દીધો છે. માણસ નામનો જાદુગર સૂર્ય પ્રકાશનો રાત્રે પણ ઉપયોગ કરી લે છે. તે રીતે મંદિરમાં બેઠેલા ભગવાન પ્રત્યેની લોકોની શ્રદ્ધાના આર્થિક ઉપાર્જનમાંથી તે અનેક લોકોપયોગી કામો કરી શકે છે. માણસની બુદ્ધિને સલામ કરવી પડે એવી તરકીબોથી તે સુખોનું નિર્માણ કરે છે.

એક એન્જિનિયરીંગ કૉલેજના વિદ્યાર્થીઓએ એવું યંત્ર બનાવ્યું જે ટુવ્હીલરની સવારી કરતા વૃદ્ધો માટે ખૂબ રાહતજનક નીવડ્યું છે. તેમાં મલ્ટી સોકપ્સરો વડે કમરને ઓછા આંચકા લાગે છે. એ બાઈક મોટા અને ઊંડા ખાડાઓમાંથી પણ ખૂબ સરળતાથી પસાર થઈ શકે છે. એની આખી ટેક્નોલોજી સમજ્યા બાદ બચુભાઈએ કહ્યું: ''આ કમરનું કલ્યાણ કરે એવી શોધ છે.'' કોઈ માણસને દશ હજાર રૂપિયાનું નુકસાન થયું હોય તો તેના દશ મિત્રો ભેગા થઈને હજાર હજાર રૂપિયાનું ઉઘરાણું કરીને તેની ખોટ ભરપાઈ કરી આપે તે પ્રકારની આ તરકીબ છે. એમાં માણસની માફક યંત્રો પણ હળીમળીને થોડા આંચકાઓ વેઠી લે છે એથી બમ્પના કમરતોડ આંચકાઓ કમર સુધી પહોંચતા નથી. દોસ્તો, હાઈવે પર બમ્પ નથી હોતા પણ જીવનના હાઈવે પર દુઃખો, આઘાતો અને ઉપાધિઓના અનેક બમ્પ આવતા હોય છે. તે બધાંમાંથી સંપૂર્ણ ઊગરી શકાતું નથી પણ સ્નેહ, સહાનુભૂતિ કે આશ્વાસન જેવાં સોકપ્સરો વડે ઘણા આંચકાઓ ઓછા થઈ શકે છે.

**હવે સૂર્યકુકર વડે તે ખીચડી રાંધી શકે છે. ભારતમાં હજી ક્યાંય શરૂ ન થઈ હોય એવી સોલાર ચીમની સુરતના યુવાનોએ બનાવી છે. એ સોલાર ચીમની દ્વારા સૂર્યપ્રકાશમાંથી વીજળી પેદા થઈ શકે છે**

### ધૂપછાંવ

ઘણાનાં બેંક અકાઉન્ટમાં તગડું બેલેન્સ હોય છે. પાસબુકનો તે આંકડો માંદગીમાં ઓક્સિજનના બાટલા જેવો સહાયક પુરવાર થાય છે કેમ કે પૈસાથી પૃથ્વીલોકનો સંગ્રામ જીતી શકાય છે. પૈસો એ મનુષ્ય જીવનનો ઉત્તમ પ્રાણવાયુ છે. 'મની ઈઝ ધી બેસ્ટ સોકપ્સર..!'